બિનઅનામત વર્ગોને પ્રમાણપત્રો
આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ક્રમાંકઃસશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૫/૨૦૧૮

વંચાણમાં લીધા :-

(૧) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦/૯/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ

(૨) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨/૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૩) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૯/૧૬૬૩/અ

પ્રસ્તાવના

વંચાણે લીધા ક્રમાંક(૧) હેઠળના તા.૩૦/૯/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત સરકાર દ્વારા બિન અનામત વર્ગોના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે "ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ"ની રચના કરવામાં આવી છે. આ નિગમની યોજનાઓના લાભ મેળવવા માટે લાભાર્થીઓને બિન અનામત વર્ગના પ્રમાણપત્રો આપવા માટે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

## :: ઠરાવ::

૧. બિન અનામત વર્ગો એટલે કે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર હેઠળના અન્ય પછાત વર્ગો/ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો સિવાયના વર્ગો/વ્યક્તિઓને બિન અનામત વર્ગો (Unreserved classes) ગણવાના રહેશે.

૨. બિન અનામત વર્ગો (Unreserved classes) માટેના પ્રમાણપત્રનો નમૂનો આ ઠરાવ સાથેના પરિશિષ્ટ-અ મુજબનો રહેશે તથા તે માટેના અરજી પત્રકનો નમૂનો આ સાથેના પરિશિષ્ટ-બ મુજબનો રહેશે તેમજ અરજી સાથે આપવાની થતી બાંહેધરી પરિશિષ્ટ-ક મુજબની રહેશે.

૩. બિન અનામત વર્ગોના પ્રમાણપત્રો આપવા માટેના સક્ષમ સત્તાધિકારીઓ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના પ્રમાણપત્રો આપવા માટેના વખતો વખતના ઠરાવથી નિર્ધારિત કર્યા અનુસારના અધિકારીઓ રહેશે. આવા પ્રમાણપત્રો આપવા માટે નીચે મુજબના સક્ષમ સત્તાધિકારીઓ છે.

(1) કલેક્ટર / મદદનીશ કલેક્ટર / નાયબ કલેક્ટર

(2) જિલ્લા વિકાસ અધિકારી / નાયબ જિલ્લા વિકાસ અધિકારી

(3) મામલતદાર

(4) તાલુકા વિકાસ અધિકારી

(5) જિલ્લા નાયબ નિયામક(વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.)

૫. સામાન્ય રીતે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારીએ, તાલુકાના વડા મથક માટે મામલાતદારે તેમજ જિલ્લાના વડા મથક માટે નાયબ નિયામક(વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.)એ આવા પ્રમાણપત્રો આપવાનાં રહેશે, પરંતુ જિલ્લામાં કોઇપણ કારણોસર મામલતદાર કે તાલુકા વિકાસ અધિકારી પાસેથી આવા પ્રમાણપત્રો ન મળ્યા હોય તો સમગ્ર જિલ્લા માટે સંબંધિત નાયબ નિયામક(વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.)એ આવા પ્રમાણપત્રો આપવાનાં રહેશે.

૬. આ જોગવાઇનો લાભ મૂળ ગુજરાતના વતની હોય તેવા બિન અનામત વર્ગના ઇસમોને મળવાપાત્ર રહેશે.

૭. બિન અનામત વર્ગના પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ સત્તાધિકારી ઇન્કાર કરે ત્યારે અથવા આવું પ્રમાણપત્ર ખોટું અપાયું હોવાનું જણાય ત્યારે અપીલની જોગવાઇ વંચાણે લીધેલા ક્રમાંક (૨) હેઠળના તા.૨/૬/૨૦૧૪ના ઠરાવ અનુસાર નીચે મુજબની રહેશે.

(૧) મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રીએ નિર્ણય કરેલ હોય તો પ્રાંત અધિકારીશ્રી/નાયબ કલેક્ટરશ્રી/મદદનીશ કલેક્ટરશ્રીને અપીલ કરી શકાશે.

(૨) પ્રાંત અધિકારીશ્રી/નાયબ કલેક્ટરશ્રી /મદદનીશ કલેક્ટરશ્રીએ નિર્ણય કર્યો હોય તો જિલ્લા કલેક્ટરશ્રીને અપીલ કરી શકાશે.

(૩) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.)એ નિર્ણય કર્યો હોય તો નાયબ નિયામકશ્રી(વિ.જા.)ને અને નાયબ નિયામકશ્રી(વિ.જા.) એ નિર્ણય કર્યો હોય તો અધિક કલેક્ટરશ્રીને અપીલ કરી શકાશે.

(૪) જિલ્લા કલેક્ટરશ્રીએ નિર્ણય કરેલ હોય ત્યારે નિયામકશ્રી (વિ.જા.) સમક્ષ અપીલ કરી શકાશે.

૮. આવા પ્રમાણપત્રો આપવા અંગે સ્થાનિક કક્ષાએ ઉભી થતી મુશ્કેલીઓના નિવારણ માટેની કાર્યવાહી વંચાણે લીધેલા ક્રમાંક (૩) હેઠળના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવથી નક્કી થયેલ સબંધિત કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલી કમિટિએ કરવાની રહેશે.

૯. આ અંગેના રેકર્ડ જાળવણીની જવાબદારી પ્રમાણપત્ર આપનાર સબંધિત સક્ષમ સત્તાધિકારીની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.

- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર..... ઠરાવ્યા મુજબનું પ્રમાણપત્ર NIC સોફ્ટવેરમાં સામેલ કરવા અંગેની કાર્યવાહી કરવા સારૂ.
- ના.સે.અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦/૫/૨૦૧૮ ના ઠરાવ ક્ર:સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ નું બિડાણ)

પરિશિષ્ટ-અ

પ્રમાણપત્ર ક્રમાંક:-..................

**ફક્ત ગુજરાત સરકાર હેઠળની યોજનાઓના લાભો માટે**

સત્યમેવ જયતે

ફોટો

ગુજરાત સરકાર

## બિનઅનામત વર્ગો માટેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતી / કુમારી .............................. ............................................................ શ્રી..............................................................ના પુત્ર / પુત્રી છે. તેઓ ગામ / નગર ...................... તાલુકો. .................. જિલ્લા...................... ના રહેવાસી છે. તેઓ ગુજરાત રાજ્યની બિનઅનામત જાતિઓ / વર્ગો / સમૂહો પૈકી ............................ જાતિના છે, જે જાતિનો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અથવા કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર હેઠળના અન્ય પછાત વર્ગ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેશ થતો નથી.

સ્થળ:- ..............................

સહી:- ..........................................

નામ:- ..........................................

તારીખ:- ..............................

હોદ્દો:- ......................................

કચેરીનું રાઉન્ડ સીલ

(કચેરીના સિક્કા સહિત)

રજૂ કરેલ આધારની વિગત:-

૧.

૨.

૩.

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦/૫/૨૦૧૮ ના ઠરાવ ક્ર:સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ નું બિડાણ)

પરિશિષ્ટ-બ

## ગુજરાત રાજ્ય

ફોટો

## બિનઅનામત વર્ગો માટે પ્રમાણપત્ર મેળવવા અંગેનું અરજી પત્રક

મારી ..................................જાતિનો સમાવેશ ગુજરાત રાજ્યના બિનઅનામત વર્ગોમાં એટલે કે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર હેઠળના અન્ય પછાત વર્ગો/ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો સિવાયના વર્ગોમાં થાય છે. મારે રાજ્ય સરકારે ગુજરાતના બિનઅનામત વર્ગો માટે જાહેર કરેલ યોજનાઓનો લાભ મેળવવા માટે પ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું પુરું નામ/સરનામું, ટેલિફોન (કોડ નંબર સાથે)/મોબાઇલ નંબર | : | |
| ૨ | અરજદારના પિતા/વાલીનું પુરૂ નામ | : | |
| ૩ | અરજદારની માતાનું પુરૂ નામ | : | |
| ૪ | અરજદારની જાતિ/પેટા જાતિ તથા ધર્મ | : | |
| ૫ | અરજદારનુ વતન ગામ.....................<br>તા............... જિ............. રાજય. ............ | : | |
| ૬ | અરજદારના પિતાનું જન્મ સ્થળ/ અને મૂળ વતન. તાલુકો:-<br>જિલ્લો:- રાજય............. | : | |
| ૭ | બહારના રાજયના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો (મૂળ વતનનું રાજ્ય અને ગુજરાતમાં કેટલા વર્ષથી વસવાટ છે.) | : | |
| ૮ | અરજદારના પિતાની જાતિ/પેટા જાતિ અંગેની માહિતી | : | |
| ૯ | જાતિ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | | |
| ૧૦ | જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજૂ કરેલા આધાર/પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત<br>(૧)<br>(૨)<br>(૩)<br>(૪) | : | |

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦/૫/૨૦૧૮ ના ઠરાવ ક:સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ નું બિડાણ)

## પરિશિષ્ટ-ક

## બાંહેધરી

હું આથી પ્રમાણિત કરૂ છું કે, હું અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અથવા કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર હેઠળના અન્ય પછાત વર્ગો/સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો પૈકીની જાતિઓનો નથી. તેમજ ઉપર દર્શાવેલી વિગતો મારી જાણકારી અને માન્યતા મુજબ સાચી છે. તેમજ મારો બિનઅનામત વર્ગમાં સમાવેશ થાય છે. મેં રજૂ કરેલ કોઇ પણ માહિતી ખોટી કે અપૂરતી માલુમ પડશે અથવા કોઇ અયોગ્યતા સરકારી યોજનાનો લાભ લેતા પહેલાં કે પછી માલૂમ પડશે તો તે અને પ્રવર્તમાન કાયદા અને/અથવા નિયમો હેઠળ મારી સામે પગલા લઇ શકાશે તે હું સમજું છું. અમોએ મેળવેલ બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર અધિકૃત સત્તાધિકારી ધ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારી સરકારી યોજનાનો લીધેલ લાભ કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટીસ આપ્યા સિવાય રદ થવાપાત્ર છે અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર/ વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા છે.

સ્થળ:- .............................

અરજદારની પુરી સહી:-

(નામ)........................................

તારીખ:-...............................

પિતા/માતા/વાલીની પુરી સહી:-

(નામ).....................................

<u>બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર મેળવવા રજૂ કરવાના થતા પુરાવા:-</u>

૧ અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર. સક્ષમ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, પિતા, કાકા, ફોઇ પૈકી કોઇ એકનો જાતિ પુરવાર થાય તેવો દસ્તાવેજ માગી શકશે.

૨. <u>રહેઠાણના પુરાવા</u>:- રહેઠાણના પુરાવા તરીકે લાઇટ બીલ, ટેલિફોન બીલ, રેશનકાર્ડ,ઘરવેરા બીલ, ચૂંટણી ઓળખકાર્ડ, આધાર કાર્ડ વગેરે આધારભૂત પૈકી કોઇપણ એકની નકલ.

ખાસ નોંધ:-

૧. અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે પાસપોર્ટ સાઇઝના બે ફોટા સાથે સ્વયં આવવાનું રહેશે.

<u>ફકત કચેરી ઉપયોગ સારૂ</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્ર માંગનાર અરજદારનું પુરૂં નામ | : | |
| ૨ | જાતિ/પેટા જાતિ(બિનઅનામત વર્ગ) | : | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોયતો નંબર/ તારીખ | : | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટૂંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર/તારીખ | : | |

તૈયાર કરનાર કર્મચારીનું પુરુ નામ/પુરીસહી

સક્ષમ અધિકારીનું પુરૂ નામ અને હોદ્દો
અધિકારીની સહી અને સિકકો